R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા .
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬(મો)૯૮૨૫૧૬૯૩૮૬
વેબ સાઈટ : http:// jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

YEAR-26 • ISSUE: 42 DATE: 21-10-2017• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## ભ્રષ્ટાચારના વિરોધી અણ્ણા હજારેએ સરકાર પર આરોપ મુક્યો કે તે ભ્રષ્ટાચારને સંરક્ષણ આપી રહી છે

ભ્રષ્ટાચારના વિરોધી અને ભ્રષ્ટાચારને દુર કરવા લોકપાલની નિમણુંકના તરફધાર અણ્ણા હજારેએ જણાવ્યુ હતું કે મોદી સરકારે લોકપાલ કાયદાને બને તેટલો નબળો બનાવી દીધો છે.સરકારે નિયમ અને કાયદામાં ૪૦ જેટલાં એવા ફેરફારો કર્યા છે કે જેને કારણે ભ્રષ્ટાચારને સમર્થન મળે છે. રાજયસભામાં વિરોધપક્ષ બહુમતીમાં હોવાતી આ ફેરફાર સાથેના વિધેયકને નાણાંકીય વિધેયકના રુપમાં બહાલી આપી દીધી છે.દેશભરના લોકો અમિત શાહના પુત્ર જય શાહની ચર્ચામાં વ્યસ્ત હતા ત્યારે અણ્ણાના ગામ રાલેગણ ખાતે ગાંધીવાદીઓ અણ્ણાના આગામી આંદોલનની રુપરેખા ઘડવામાં વ્યસ્ત હતા.અણ્ણાને લોકપાલ વિધેયક અને તેમાટે થઈ ચુકેલા આંદોલન વિશે પુછતા તેમણે કહ્યુ હતું કે લોકપાલ કાયદો હજી અસ્તિત્વમાં નથી.મનમોહન સરકારે જેમ છેતરપીડી કરી હતી તેવી જ છેતરપીડીડ મોદી સરકારે કરી છે. હાલમાં જે લોકપાલ કાયદો અમલમાં છે તેનાથી ભ્રષ્ટાચારમાં ખાસ ફરક પડવાનો નથી.

અણ્ણાને પુછવામાં આવ્યું કે તેમણે કરેલા આંદોલનનો લાભ ચુંટણીમાં ભાજપને થયો હતો તેના



જવાબમાં તેમણે કહ્યુ હતું કે તેમના આંદોલનના નિશાન પર કોઈ રાજકીય પક્ષ નહોતો.હકીકતે મોદીએ ખોટા વચનો આપ્યાં હતા.

## ઉદારવાદી મુલ્યોની કતલનો ટ્રેન્ડ ખતરનાક ચાલી રહ્યો છે : હાઇકોર્ટ

બોમ્બે હાઈકોર્ટે નોધ્યુ છે કે તમામ વિરોધ અને ઉદારવાદી મુલ્યોને નાબુદ કરવાનો એક ખતરનાક ટ્રેન્ડ ચાલી રહ્યો છે. જેના કારણે દેશની છબિ બગડી રહી છે.બેગલુરમાં પત્રકાર ગૌરી લંકેશની હત્યાનો ઉલ્લેખ કરી કોર્ટે આ ચિંતાજનક તારણ કાઢ્યુ હતું. રેશનાલિસ્ટ લેખકો, ગોવિન્દ પાનસરે અને નરેન્દ્ર દાભોલકરની હત્યામાં તપાસમાં કોર્ટની દેખરેખની તપાસની માંગણી કરતી એક પિટીશન પર સુનાવણી વેળાએ જસ્ટીસ એસ.સી. ધર્માધિકારી, અને જસ્ટીસ ભારતી ડાંગરેની બેન્ચે આ ટિપ્પણી કરી હતી.બેન્ચે કહ્યુ હતું કે ઉદાર મુલ્યો અને અભિપ્રાયો મો કોઈ સન્માન નથી.લોકો તેમના ઉદાર સિધ્ધાંતો માટે નિશાન બનાવવામાં આવી રહ્યા છે. માત્ર વિચારકો જ નહીં, પરંતુ કોઈ વ્યક્તિ કે સંસ્થા જે ઉદાર સિધ્ધાંતોમાં માનતી હોય તેને નિશાન બનાવવામાં આવી રહ્યું છે. સ્થિતિ એવી છે કે જો મારો ક્યાંય વિરોધ હોય તો મારે તે વ્યક્તિને નેસ્તનાબુદ કરી દેવી જોઈએ.

બેન્ચે ઉમેર્યુ હતું કે તમામ વિરોધને મારી નાંખવાનો ટ્રેન્ડ ખતરનાક છે.આનાથી દેશની છબી બગડી રહી છે.દાભોલકર અને પાનસરે હત્યામાં સીબીઆઈ અને મહારાષ્ટ્ર ઈન્વેસ્ટીગેશન ડીપાર્ટમેન્ટે તેમના તપાસ રિપોર્ટ સુપરત કરી દેતાં બેન્ચે નોધ્યું છે કે અત્યાર સુધી આ કેસોમાં થયેલી પ્રગતિમાં સત્તાવાળાઓને કોઈ નક્કર પરિણામો મળ્યાં નથી.

## દેશની આર્થિક મંદીને સુધારવા માટે આઇએમએફ દ્વારા ભારતને ૩ સુધારાઓ સુચવવામાં આવ્યા

ભારતમાં નોટબંધી અને જીએસટીને કારણે અર્થતંત્રમાં મંદી આવી હતી તેવો નિર્દેશ કરીને આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળ દ્વારા ઈકોનોમીમાં તેજી લાવવા માટે ભારતને સુધારાના ૩ મંત્રો સુચવવામાં આવ્યા છે. જેમાં બેન્કીંગ ક્ષેત્રે સુધારા તેમજ સબસીડીમાં જંગી કાપ મુકવાનો સમાવેશ થાય છે.ઈકોનોમીમાં તેજી લાવવા માટે આઈએમએફે જે ૩ મહત્વના સુધારા સુચવ્યા છે તેમાં કંપનીઓ અને બેન્કોને નબળી હાલતમાંથી બહાર કાઢવાનો,રેવન્યું સબંદી પગલાંઓ દ્વારા નાણાંકીય એકીકરણ ચાલુ રાખવાનો, શ્રમ તેમજ ઉત્પાદન બજારની ક્ષમતાને વધુ મજબુત બનાવવાના સુધારા સામેલ છે. આઈએમએફના એશીયા પ્રશાંત વિભાગના ઉપનિર્દેશક કેનેથ કાંગે કહ્યુ હતું કે એશીયામાં વિકાસ માટેન દષ્ટ્રિકોણ સારો છે.મુશ્કેલ સુધારા સાથે ભારતને વિકાસના માર્ગે લઈ જવા માટે હાલ સારી તકો છે.

કાંગે કહ્યુ કે ભારતે આર્થિક વિકાસને ગતિશીલ બનાવવા માટે ૩ નીતીઓને પ્રાથમિકતા આપવાની જરુર છે.પહેલા અગ્રતા કંપની અને બેન્કીંગ ક્ષેત્રની સ્થિતિ સુધારવાની છે.આ માટે નોનપર્ફોર્મીંગ એસેટ્સ એટલે કે બિનકાર્યક્ષમ અસ્ક્યામતોની સમસ્યા સુધારવા અગ્રતા આપવાની રહેશે.આ માટે સરકારી બેન્કોની મુડીમાં વધારો કરવો પડશે.ત્રીજી અગ્રતા શ્રમકાયદામાં સુધારા અને ઉત્પાદન બજારની ક્ષમતા વધારવાની છે.ખેતી ક્ષેત્રે વિકાસ માટે કૃષિમાં મહત્વના સુધારા ચાલુ રાખવાના રહેશે.

## ફરીદાબાદ નજીકમાં ગૌરક્ષકોનો શંકાના આધારે માંસ લઇ જતા લોકો પર જાન લેવા હુમલો

પાંચેક જેટલા લોકો પોતાની રીક્ષામાં ભેસનું માંસ લઈ જતા હતા તેમની પર ગૌમાંસ હોવાની શંકા કરીને ગૌરક્ષકો દ્વારા હુમલો કરીને ભારે મારપીટ કરવામાં આવી હતી. સોશ્યલ મીડીયામાં દેખાડવામાં આવેલ વીડીયોમાં ગૌરક્ષકો દ્વારા કરવામાં આવેલ મારપીટ અને ગૌરક્ષકો સ્પષ્ટ રીતે દેખાતા હોવા છતાં પોલીસે અજાણ્યા હુમલાખોરોએ કરેલી મારપીટનો ગુનો નોધ્યો છે. મતલબ એ થાય છે કે હજુ સુધી ગૌરક્ષકોને સત્તામાં બેઠેલો લોકો અને પોલીસનો સાથ સહકાર મળી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગૌરક્ષકોની કરેલી કડક ઝાટકણી અને સુપ્રીમ કોર્ટે રાજ્યોને કરેલી ટીકા અને આદેશો છતાં કોઈ કારી ફાવી નથી.થોડા દિવસ પહેલાં સંઘના સ્થાપના દિને મોહન ભાગવતે પવિત્ર ગૌરક્ષક અને અપરાધીઓ વચ્ચે ભેદરેખા આંકી હતી.પરંતુ તે માત્ર તેમના બચાવ પુરતું જ સીમીત રહ્યું. સુપ્રીમ કોર્ટે ગૌરક્ષકો દ્વારા આચરવામાં આવેલી હિંસાને મુદ્દે ગંભીર નોંધ લઈને રાજ્યોને આવા ગૌરક્ષકોને અંકુશમાં લેવા ટકોર કરી હોવા છતાં આ નવી ઘટના સામે આવી છે.સુપ્રીમ કોર્ટ દ્વારા કડક પગલાં લેવા માટે આદેશો કરવા જરુરી છે.કારણકે સરકારોને અપાતી સલાહો નું પાલન થઈ શકતું નથી.

## સીઆરપીએફના જવાને સોશ્યલ મીડીયામાં સરકાર વિરુધ્ધ ફરિયાદોની વીડીયો મુકી

છેલ્લા કેટલાક સમયથી દેશના જુદા જુદા આર્મ ફોર્સીસ સાથે સંકળાયેલા લોકો તેમને પડતી મુશ્કેલીઓ બાબતે ફરિયાદ સોશ્યલ મીડીયામાં મુકે છે.ખરેખર તે માટે તેમની ફરિયાદોનું નિવારણ થાય છે કે નથી થતું તેની ખબર પડતી નથી પરંતુ એવું લાગે છે કે દેશના આર્મ ફોસીસમાં અસંતોષ વધી રહ્યો છે.તાજેતરમાં સુકમામાં માઓવાદી હુમલા પછી ગૃહમંત્રી રાજનાથસિંની ટીકા કરનાર સીઆરપીએ જવાન પંકજ મિશ્રાએ ફરી મોરચો ખોલ્યો છે.તેણે કહ્યું છે કે વડાપ્રધાન મોદીએ દેશને દગો આપ્યો છે.અમે હવે કમળને ખીલવા નહીં દઈએ.

પંકજ મિશ્રાએ વદુ એક વીડીયોમાં પોતાના ફેસબુક એકાઉન્ટ પર શેર કર્યો છે.આ વીડીયોમાં તેણે વડાપ્રધાન મોદી અને રાજનાથસિંહ પર નિશાન તાક્યું છે. પંકજ મિશ્રાએ આ વીડીયોમાં પોતાની અનેક માંગણીઓ સરકાર સામે મુકી છે.સાત ઓક્ટો.ના રોજ મુકવામાં આવેલી આ વીડીયો કલીપમાં પંકેજ ૨૧ દિવસના ઉપવાસ આંદોલનની પણ જાહેરાત કરી છે.તેણે કહ્યુ છે કે જો તેની માંગણીઓ સંતોષવામાં નહીં આવે તો ૨૦૧૯માં તે કમળનું પુલ કાદવમાં પણ ખીલવા દેશે નહીં.

રાજનાથસિંહ અને વડાપ્રધાન મોદી પર નિશાન સાધતાં વીડીયોમાં કહેવાયું છે કે સુકમાકાંડ પછી મે રાજનાથસિંહની ટીકા કરી હતી. એ પછી મને ફટકારવામાં આવ્યો હતો.તપાસ શરુ થઈ ત્યારે પણ મને ફટકારવામાં આવ્યો.રાજનાથજી આ શું કરાવી રહ્યા છો ? તમને આટલી જ શરમ આવે છે તોય બતાવો કે તમે અત્યાર સુધી પોતાના કાર્યકાળમાં શું કર્યુ છે ?તમારા વડાપ્રધાન મોદીએ સું કર્યુ છે ?મને સમજાતું નથી કે તેઓ પ્રચાર મંત્રી એ કે પર્યટન મંત્રી ? તેમણે સમગ્ર દેશને દગો આપ્યો છે. રાષ્ટ્ર સાથે દગાબાજી કરી છે. તેમને રાષ્ટ્ર સમક્ષ માંફી માંગવી જોઈએ.

છેલ્લા કેટલાક સમયથી અર્ધ લશ્કરી દળોના જવાનોમાં સિસ્ટમ સામે નારાજગી પ્રવર્તી રહી છે.અને તેઓ આવી નારાજગી સોશિયલ મીડીયામાં દર્શાવી રહ્યા છે.અગાઉ બીએસએફના એક જવાને તેમને ખાવાનું યોગ્ય રીતે અપાતું નથી તેની ફરિયાદ કરી હતી. જેના પગલે આર્મીમાં ખળભળાટ મચી ગયો હતો.તે પછી આવા અનેક વીડીયો જાહેરમાં આવ્યા છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

ચુંટણી પંચે હિમાચલ પ્રદેશ વિધાનસભા ચુંટણી સાથે ગુજરાત વિધાનસભા ચુંટણી કાર્યક્રમ જાહેર ન કરતાં સર્જાએલા વિવાદ પર પુર્વ મુખ્ય ચુંટણી કમિશ્નર એસ.વાય.કુરેશીએ જણાવ્યુ હતું કે ચુંટણી પંચે બંને રાજ્યોનો કાર્યક્રમ એક સાથે જાહેર નહીં કરીને સમાંતર ચુંટણી યોજવાના સિધ્ધાંતની વિરુધ્ધ કામકર્યુ છે.પંચે ગુજરાત અને હિમાચલ પ્રદેશની ચુંટણીના કાર્યક્રમને એક સાથે કેમ જાહેર ન કર્યો ?ચુંટણી પંચની એવી તો કેવી મજબુરી હતી ?પરંતુ વડાપ્રધાન ગુજરાતની મુલાકાતે જઈ રહ્યા છે તેથી શંકાને કારણ મળી રહે છે તે દુર્ભાગ્યપુર્ણ છે.ચુંટણી પંચનું લેવાયેલ પગલું સમાંતર ચુંટણી યોજવાના સિધ્ધાંતની વિરુધ્ધ છે.ખેર છેલ્લા ત્રણ વર્ષમાં કાયદાઓ તોડવાની પ્રક્રિયા ચાલી રહી છે.અને સત્તાધારી પક્ષ એ રીતે વર્તી રહ્યો છે કે જાણે તેઓ કાયદા કે સિધ્ધાંતોને તેમના ફાયદા મુજબ તેનું અર્થઘટન કરી શકે અથવા તેનો ઉપયોગ કરી શકે.

કેટલાક લેવાયેલા પગલાંને કારણે દેશમાં ભારે હાલાકીના દિવસો પેદા થયા છે.અર્થતંત્ર મદીનો માર સહન કરી રહ્યું છે. ઉદ્યોગોમાં ઉત્પાદનની પ્રક્રિયા પર તેની ઝાઝી અસરો પડી છે. પરિણામે જીડીપીનો દર નીચલા સ્તરે જવા લાગ્યો છે.માત્ર ચુંટણીઓ જીતી જવાથી કે મોટા મોટા પ્રોજેકટોના ઉદઘાટનો કર્યા કરવાથી દેશનો વિકાસ કે પ્રગતિ થઈ જવાની નથી.જેમકે બુલેટ ટ્રેનનો પ્રોજેકટના આરંભકાળ તેના પાર્ટસ બનાવતી કંપનીએ હલકી ગુણવત્તા ધરાવતા સ્પેર પાર્ટસ બનાવ્યા હોવાની કબુલાત પછી આપણે વિચારવાનું રહે છે કે આપણે તેમાં કેટલા સફળ નીવડીશું.

## મંતવ્ય

ભાજપના સાંસદ વરુણ ગાંધીએ ચુંટણી પંચની આકરી ટીકા કરતાં કહ્યુ હતું કે તે નહોર વિનાનો વાઘ છે.ચુંટણી લડવા માટે તમામ રાજકીય પક્ષો કરોડોનો ધુમાડો કરે છે પણ આજ સુધી કોઇ પક્ષે ચુંટણી ખર્ચનો હિસાબ આપ્યો નથી.ને ચુંટણી પંચે કોઇ પક્ષને અમાન્ય ઠેરવ્યો નથી.આમ ભાજપના સાંસદે કરેલી ટીકાથી ખુદ ભાજપ સત્તાધારી પક્ષ હોવાથી તેમને નીચાજોણું થયું છે.વરુણ ગાંધીએ કહ્યુ તે સત્ય છે તેમના લગીરે શક નથી.

હિમાચલ પ્રદેશ અને ગુજરાતની ચુંટણીઓ એક સાથે જાહેર નહીં કરવા માટે કોંગ્રેસ દ્વારા જ્યારે ચુંટણી પંચની ટીકા કરવામાં આવી રહી છે.અને પંચ કેન્દ્ર સરકારના દબાણ હેઠળ કામ કરી રહ્યુ છે તેવા આક્ષેપો કરાઇ રહ્યા છેત્યારે વરુણ ગાંધીની ટીકા અસરકારક બની છે.વરુણ ગાંધી એ કહ્યુ હતું કે ચુંટણી પંચનુ કાર્ય બંધારણના પરિશિષ્ટ ૩૨૪ મુજબ નિષ્પક્ષ અને ન્યાયી ચુંટણી યોજવાનું છે. પણ ચુંટણી પુરી થયા પછી તે કોઇ કાનુની કેસ કરી શકતું નથી.કેસ કરવા સુપ્રીમમાં જવું પડે.

હિમાચલ અને ગુજરાતમાં એકી સાથે ચુંટણીની જાહેરાત કરી શકાત પરંતુ ગુજરાતને તેમાંથી બાકાત રાખવા પાછળનું કારણ ચુંટણી પંચે જાહેર કરવું પડે. સત્તાધારી પક્ષની કોઇપણ બદદાનત હોય તો તેમાં ચુંટણીપંચ મદદ કરી શકે નહીં. કારણે બંધારણ પરિશિષ્ટ ૩૨૪ મુજબ નિષ્પક્ષ અને ન્યાયી ચુંટણી યોજવાનું કામ તેણે કરવાનું છે.ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી માટે ચુંટણી જીતવી એ મોટુ લક્ષ છે.કારણકે તાજેતરમાં તેમનો ગ્રાફ નીચ ગયો છે.તેથી સત્તાધારી પક્ષ તેની તમામ શક્તિઓનો ઉપયોગ આ ચુટણીમાં કરશે તે દેખાય છે.પરંતુ નહોર વિનાનો વાઘ શું કરી શકશે ?

મનહરભાઈ. કે પરમાર




**વિનંતી**

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# જોસેફ મેકવાનના ૮૨માં જન્મ દિવસ નિમિત્તે 'વ્યથાના વિતક'કાર્યક્રમનું ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા સંયુક્ત આયોજન

જોસેફ મેકવાનના ૮૨માં જન્મ દિવસ નિમિત્તે ઓમ કોમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા સંયુકત રીતે 'વ્યથાના વિતક'કાર્યક્રમનું આયોજન થયું હતું.જેમાં જોસેફ મેકવાનના પુત્ર ચંદ્રવદન મેકવાને તેમના પિતાના જીવનકાળ વિશે વર્ણન કરતાં જણાવ્યુ હતું કે,મારા પિતાએ ૬ વર્ષની કુમળી વયે પોતાની માતા ગુમાવી હતી.પોતાની માતાની ઇચ્છા વિરુધ્ધ જઈને તેમના પિતાએ બીજા લગ્ન કર્યા હતા. તેના ગુસ્સામાં તેમની માતાએ ઝેર પીધું.માતા ગુમાવ્યાના આઘાતમાં તેમના એક કાકાનું અવસાન થયું અને જે ખુબ પ્રેમ આપતા એવા બીજા કાકાએ ઘર છોડ્યું.આમ, ટુંકા ગાળામાં તેમણે પોતાના જીવનમાં આવેલા બદલાવ જોયા.સાવકી માં પાસે હંમેશા હુંફ અને સ્નેહના અભાવ વચ્ચે તેમનું બાળપણ વીત્યું.નકારાત્મકતાઓ અને વિષમતાઓ રહ્યા હોવા છતાં તે હંમેશા જે પણ તેમના સંપર્કમાં આવ્યા તેના પર પ્રેમ અને લાગણી કંઈ રીતે વરસાવી શક્યા તે સવાલ છે.તેમણે પરિસ્થિતિનો ભોગ બનવાને બદલે પરિસ્થિતિને પ્રતિભાવ આપવાનું શરુ કર્યુ.

જોસેફ મેકવાનની સાહિત્યસૃષ્ટિ વિશે વાત કરતાં તેમના પરમ મિત્ર મણિલાલ હ.પટેલે જણાવ્યુ હતું કે બહુ ઓછા એવા સદ્‌ભાગી સાહિત્યકારો હોય છે, જેને તેના પાત્રો સાંજે મળવા આવે. એક સર્જકે ચાર વસ્તુ સામે લડવું પડે છે.સત્તા,સમાજ,કુટુંબ અને જાત સાથેની લડાઇ. આજ લડાઇ આપણને જોસેફ મેકવાનના પાત્રોમાં પણ દેખાય છે.એ નવું ગોરપદું દેખાય છે.એ નવું ગોરપદું કરતાં ડોકટર હતા.જે તેમને ઈશ્વર પેટલીકરે શીખવ્યુ હતું.એ એવા ગોર હતા જે પરણાવી પણ આપે અને જીવન પણ ચલાવી આપે.અનેક વાર એવું બનતું કે તેઓ જમવા બેઠા હોય અને કોઈ પોતાની સમસ્યા લઈને આવે અને ભાણું ઠરી જાય અથવા પડ્યું રહે અને તેઓ પોલીસ સ્ટેશને પહોચ્યા હોય અથવા કોઈ દીકરીના લગ્નજીવનને બચાવવા ટ્રેઇનની ટીકીટ લઈને ગાડીમાં બેસી ગયા હોય.સાહિત્યકાર આપણું કેથાર્સીસ કરે છે. એ પહેલા મનને ઓગાળી દે છે. પછી વેદનાના ઘા કરે છે. પછી જે પ્રશાંતિનો અનુભવ કરાવે છે, એ આપણને વેઠવા તૈયાર કરે છે.શ્રી મણિભાઇ હ.પટેલે જોસેફભાઈની સાહિત્ય સૃષ્ટિનો અનોખી અંદાજમાં પરિચય કરાવ્યો હતો.જે કાબિલે તારીફ હતો.



આ પ્રસંગે સમાજમિત્રના ખાસ અંક 'પીડીતોની પ્રહરી-વંચિતાની વાચાઃ સર્જક જોસેફ મેકવાન' નું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જાણીતા સાહિત્યકારો,મિત્રો અને સ્નેહી સગા સબંધીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# યશવંતસિંહાએ કહ્યુ કે વડાપ્રધાને અમારી ટીકાનો જવાબ આપ્યો તેનો મતલબ કે તેમણે પુરી તાકાતથી સરકારની આર્થિક નીતિઓની ટીકા કરી છે

ભુતપુર્વ નાણાંમંત્રી અને ભાજપના નેતા યશવંતસિંહાએ કહ્યુ છે કે જો વડાપ્રધાન મોદી એમ માનતા હોય કે અમે નિરાશા ફેલાવનારા ગણ્યાગાંઠ્યા લોકો જ છીએ, તો અમારી ટીકાને ધ્યાનમાં લઈને તેનો કેમ જવાબ આપ્યો? સિંહાએ કહ્યુ કે મોદીએ પ્રતિક્રિયા આપી તે દર્શાવે છે કે તેમણે પુરી તાકાતથી સરકારની આર્થિક નીતિઓની ટીકા કરી છે. સિંહાએ કહ્યુ કે જો અમે માત્ર નિરાશાવાદ ફેલાવી રહ્યા હોઈએ તો પછી પેટ્રોલ-ડીઝલ પર એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કેમ કરાયો ? ઉતાવળે જીએસટી કાઉન્સીલની બેઠક કેમ બોલાવી ? ઉલ્લેખનીય છે સિહાએ સરકારની ટીકા કર્યા બાદ વડાપ્રધાન મોદી એ બે દિવસ પહેલાં કહ્યુ હતું કે ગણ્યાં ગાંઠ્યા લોકો દેશમાં નિરાશાનો માહોલ ફેલાવી રહ્યા છે. જો કે આ ટીકા વચ્ચે સરકારે પેટ્રોલ-ડીઝલ પરની એકસાઈઝ ડ્યુટી ઘટાડી દીધી એ રાજ્યોને પણ પાંચ ટકા વેટમાં ઘટાડો કરવા અપીલ કરશે તેવી જાહેરાત કરી હતી. નોટબંધી અને જીએસટીના અમલને કારણે અર્થતંત્ર પર વિપરિત અસર વચ્ચે સિંહા અને અરુણ શૌરી જો ભાજપના એક સમયના દિગ્ગજ નેતાઓએ કરેલી ઊગ્ર ટીકાથી સરકારની મુશ્કેલીઓ વધી ગઈ છે તેમ જણાય છે.તેમજ સરકારે કેટલાક એવા પગલાં લેવાના ચાલુ કર્યા છે જે તેમણે નહી લેવા માટે જાહેરમાં ખુલાસાઓ કર્યા હતા.પરંતુ હવે ટીકાઓને કારણે તેમ કરવુંપડયુ છે.


**કાર ભાડે મળશે**



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે





AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

## પનામા પેપર્સ કેસમાં પગલાં શા માટે લેવાયાં નથી : કોંગ્રેસનો વડાપ્રધાનને જવાબ આપવા અનુરોધ

પનામા પેપર્સમાં જેમના નામોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમની સામે પગલાં શા માટે લેવામાં આવ્યા નથી તેવો સવાલ કોંગ્રેસે ઉઠાવ્યો છે.કોંગ્રેસ પ્રવક્તા સુરજેવાલે આ મુદ્દે આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યુ હતું કે કાળા નાંણાં ધરાવનારા આ લોકોને બચાવી લેવાનું આ કાવતરુ છે ? વડાપ્રધાન મોદી અને નાણાં પ્રધાન જેટલીએ આ મુદ્દે જવાબ આપવો જોઈએ. તેમણે પ્રશ્ન કર્યો હતો કે ફેમાનો ભંગ કરીને જે લોકો કાળા નાંણા વિદેશમાં પહોચાડી ચુક્યા છે અને પનામા પેપર્સમાં જે નામોનો ઉલ્લેખ છે તેમની સામે સીબીઆઈ કે ઈડી પગલાં શા માટે નતી લેતી ? આશા સેવું છું કે વડાપ્રધાન આ મુદ્દે બોલશે.તેમણે દાવાપુર્વક જણાવ્યુ હતું કે કોંગ્રેસ શાસન દરમિયાન વર્ષ ૨૦૧૩-૧૪માં રુપીયા ૧,૦૧,૭૫૦ કરોડ જેટલી કરચોરી અને કાળા નાંણા ઝડપી પાડવામાં આવ્યા હતા.ગયા વર્ષે આ આંકડો ઘટીને રુપીયા ૨૭૦૦૦કરોડ થયો હતો. અને આ વર્ષ તો આંકડો તેનાતી પણ ઘટીને રુપીયા ૧૮૦૦૦થી ૨૦૦૦૦ને આંકડો પહોચ્યો છે. કોંગ્રેસ પ્રવક્તાએ એ વાતની યાદ અપાવી હતી કે વડાપ્રધાન તો કહેતા હતા કે તમામ કરચોરોને ઝડપશે તો પછી એજન્સીઓ દ્વારા કાળા નાંણા ઝડપવાનું પ્રમાણ ઘટ્યું કેમ ? મોદીજી આ મુદ્દે ચુપ કેમ છે

## નરેન્દ્ર મોદીને સમર્થન આપીને મે ભુલ કરી છે : ભાજપાના વરિષ્ઠ નેતા અરુણ શૌરી

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પુર્વ કેન્દ્રીય મંત્રી અરુણ શૌરીએ વડાપ્રધાન મોદી પર નિશાન તાકતા કહ્યુ અને અફસોસ વ્યક્ત કર્યો હતો.તેમણે જણાવ્યુ કે નરેન્દ્ર મોદીને સમર્થન આપવું એ તેમની ભુલ હતી.તેમણે સાચુ ન બતાવવા બદલ મીડીયાની પણ ટીકા કરી હતી.શૌરી સ્વર્ગીય લેખક ખુશવંતસિંહના નામે થઈ રહેલા એક સાહિત્ય સમારોહના ઉદ્દ્ઘાટન પ્રસંગે બોલી રહ્યા હતા.શૌરીએ કાર્યક્રમમાં કહ્યુ કે અગાઉ વી.પી.સિંહ અને હવે નરેન્દ્ર મોદીને સમર્થન આપવાની મે ભુલો કરી છે. આ ન વિચારો કે તેના નેતા સત્તા પર આવતાંની સાથે બદલાઈ જશે. તેમના ચરિત્રને તેમની સત્યનિષ્ઠાના આધારે પરખો.જુઓ કે તેઓ પોતાની વાતો પર કેટલાં ખરાં છે.

## પેટ્રોલ-ડિઝલમાં રુ.૨નો ઘટાડો દરિયામાં એક ટીપુ : શિવસેના

શિવસેનાએ પોતના સાથી પક્ષ ભાજપા અને એનડીએ સરકારની ટીકા કરવાની એક પણ તક ચુકતી નથી. તેણે પેટ્રોલ અને ડીઝલ પર આબકારી જકાતમાં લિટરે રુ.૨ ઘટાડવાના સરકારના પગલાં પર નિશાન તાક્યું હતું.તેણે કહ્યુ છે કે આ પગલાં દરિયામાં એક ટીપા સમાન છે.કેમકે એક મહિનાના વધારા બાદ આ બંન્ને પેટ્રો પેદાશના ભાવોમાં ઘટાડો કરાયો છે.આ ઘટાડો અપુરતો છે ઉંટ કે મુંહ મે જીરા ઉક્તીનો ઉપયોગ કરીને સરકારની ટીકા કરી હતી.

જ્યારે ચારે બાજુ સરકારી નીતિઓ અને અર્થતંત્રની નબળાઈઓને કારણે દેશની અર્થતંત્રની ગાડી પાટા ઉપરથી ઉતરી ગઈ હોવાનો અહેસાસ થતાં,તેમજ તેમના વરિષ્ઠ સાથીદારો તરફથી ભારે મોટો વિરોધ થવાને કારણે સરકારને ભાવ ઘટાડાનું પગલું ઉઠાવવું પડ્યું છે. પરંતુ જે ભાવ ઘટાડો કરવામાં આવ્યો છે તેનાથી કોઈ મોટી અસરો ઉભી થવાની નથી. હજુ રાજ્ય સરકારોને વેટ ઘટાડવાની સલાહ આપવામાં આવી છે.પરંતુ ચીજવસ્તુઓના ભાવ હવે ઘટવાની શક્યતાઓ ઓછી છે.

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ००૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

## દેશભરમાં મુઠ્ઠીભર માણસો દેશની પ્રતિષ્ઠા બરબાદ કરવા માટે સક્રિય બન્યા છેઃ વડાપ્રધાન મોદી



કંપની સેક્રેટરીઝના ગોલ્ડન જ્યુબીલી કાર્યક્રમમાં બોલતાં નરેન્દ્ર મોદીએ જણાવ્યુ હતું કે દેશમાં પારદર્શકતા આવી રહી છે.ગત સરાકરના રાજ્યમાં છ વર્ષ સધી જીડીપી ૫.૭ ટકા રહ્યો હતો.દેશનો વિકાસ દર અમે ઉંચે લાવ્યા છીએ.

વિપક્ષો પર આકરા પ્રહારો કરતાં મોદીએ કહ્યુ હતું કે ચાણક્ય કહેતા હતા કે જંગલમાં એક વૃક્ષમાં આગ લાગે તો આખા જંગલમાં ફેલાઈ જાય છે. તેવી રીતે પરિવારમાં કોઈ એક વ્યક્તિ ગરબડ કરે તો સમગ્ર પરિવારની આબરુ ધુળધાણી થઈ જાય છે.આ બાબત દેશ અને સંસ્થાને લાગુ પડે છે. દેશમાં મુઠ્ઠીભર માણસો છે જે તેની પ્રતિષ્ઠા અને ઈમાનદારી,સામાજીક વ્યવસ્થાને નબળી પાડવા અને બરબાદ કરવા માટે સક્રિય છે.આ લોકોને હટાવવા માટે જ સરકારે પહેલેથી સફાઈ અભિયાન હાથ ધર્યું છે.

વડાપ્રધાને જણાવ્યુ હતું કે હું અહીયા ફરીથી કહેવા માંગુ છું કે ઈમાનદાર અને પારદર્શક વ્યવસાય કરતા વેપારીઓએ ડરવાની જરુર નથી.ઈમાનદાર લોકોને તેનું યોગ્ય વળતર મળશે.જે લોકો છેતરપીડીં કરે છે,કાયદા તોડે છે તેમણે ફરીથી ચેતી જવાની જરુર છે. ઘણાને એવી શંકા વ્યક્તિ કરી છે કે વર્તમાન વેપાર જોઈને જુના રેકોર્ડ તો નહી ફંફોસવામાં આવે ? હું ખાતરી આપું છું કે એવું કશું જ થશે નહીં. સરકાર ઈચ્છે છે કે લોકો મુખ્ય પ્રવાહ સાથે જોડાય અને ચિંતામુક્ત થઈ જાય.

તેમણે કહ્યુ હતું કે કાળુ નાણું પાછું લાવવા માટે કડક કાયદા બનાવવામાં આવ્યા.વિદેશોમાં જમા કાળા નાંણાને પાછુ લાવવા જે તે દેશો સાથે સંધિ કરવામાં આવી.જુની સંધીઓ સુધારવામાં આવી છે.૨૮ વર્ષથી અટકેલા બેનામી સંપત્તિ કાયદાને લાગુ કરાયો .ધણા વર્ષોથી અટકેલા જીએસટીને લાગુ કરાયો. નોટબંધી જેવો આકરો નિર્ણય લેવાની અમે હિંમત કરી. સરકારના અથાગ પ્રયાસના કારણે આજે અર્થતંત્ર લેસ કેશના ધોરણે ચાલે છે.૮ નવેમ્બર ૨૦૧૬ દેશની અર્થવ્યવસ્થામાં ઈમાનદારીના યુગનો આરંબ ગણાશે.કેટલાક લોકોને નિરાશા ફેલાવવામાં આનંદ આવે છે. અને ત્યાર પછી જ રાત્રે ઊંઘ આવે છે.ગત સરકારના રાજ્યમાં ૬ વર્ષમાં ૮ વખત જીડીપી ૫.૭ ટકા અને તેનાથી નીચે ગયો છે.

## વડાપ્રધાન દેશનો સમય બરબાદ કર્યા વગર લોકોને રોજગારી આપો : રાહુલ ગાંધી



રાહુલ ગાંધીએ વડાપ્રધાન પર આકરા પ્રહારો કરતાં કહ્યુ હતું કે મોદીજી દેશનો સમય બરબાદ કર્યા વગર લોકોને કામ આપવાનું કરે નહિતર તેમનાથી આ ના થતું હોય તો ના પાડે ,અમે કરીશું.તેમણે કહ્યુ કે મોદીજી જીએસટીને સમજી શકી નથી.ખેડુતો મરી રહ્યા છે અને યુવાનો બેકાર છે.તેમના રાજમાં ખેડુતો સતત દેવાદાર બની રહ્યા છે.વિવિધ રાજ્યોમાં ભાજપ સરકારી જાહેરાતો કરે છે પરંતુ તેનો અમલ થતો નથી.પ્રજા લાચાર બની છે. છતાં સરકાર વિકાસની વાતો કરી રહી છે. ચીનમાં દરરોજ ૫૦ હજાર લોકોને રોજગારી મળી રહી છે જ્યારે આપણે ત્યાં માત્ર ૪૦૦ લોકોને રોજગારી મળે છે.આવી સ્થિતિમાં વિકાસ કોને કહેવાય.દેશનું અર્થતંત્ર કઈ દિશામાં જઈ રહ્યું છે તે આપણે નક્કી કરવાનું છે. મોદીજી હવે દેશનો સમય બરબાદ કરવાનું બંધ કરે. લોકોને રોજગારી ની જરુર છે. અને તેઓ રોજગાર પુરો પાડે.મોદીજી ૨ કરોડ લોકોને રોજગાર આપવાની વાતો કરી હતી અને આજે શું સ્થિતિ છે તે આપણે જાણીએ છીએ.

પોતાના મતવિસ્તારના પ્રવાસે સંબોધેલી રેલીમાં તેમણે કહ્યુ હતું કે મોદી સરકાર કેટલાય સમયથી લોકોને વાયદા જ કરતી આવી છે. માત્ર વિકાસની વાતો કરવાથી વિકાસ થતો નથી.મેડ ઈન ઈન્ડીયા, મેક ઈન યુપી કે પછી મેડ ઈન અમેઠી જેવા સુત્રોથી દેશનો વિકાસ થતો નથી. અમેઠીમાંથી ફુડ પાર્કને કાઢી નાંખ્યો. ખરેખર અમેઠીમાં તેની સૌથી વધુ જરુર છે.તેઓ ખરેખર કામ ન કરી શકતા હોય તો તેમણે ના પાડી દેવી જોઈએ.કોંગ્રેસ સત્તામાં આવવા તૈયાર છે.અમે બાકીના છ મહિનામાં તમામ કામ પુરા કરી દઈશું.

જીએસટીનો નિર્ણય કેવી રીતે વિચારીને લેવાયો છે તેની કોઈ જાણ જ નથી.જીએસટી લાગુ કર્યો પણ તેની કોઈ સમજ મોદી સરકાર પાસે નથી.મોદી સરકારે પાંચ અલગ અલગ ટેક્ષ લાગુ કરી દીધા. ક્યારે ક્યો ટેક્ષ લાગશે તેનું કોઈ માળખું જ નથી.કોંગ્રેસે મહત્તમ ૧૮ ટકા ટેક્ષની ભલામણ કરી હતી. જયારે આ સરકારે ૨૮ ટકા ટેક્ષ લાગુ કર્યો છે.

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# ભારતીય જનતા પાર્ટીની સરકારનુ નોટબંધીનું પગલું આત્મઘાતી હતું :અરુણ શૌરી

ભાજપના વરિષ્ઠ નેતાઓ અને ભુતપુર્વ મંત્રી અરુણ શૌરી હવે યશવંતસિંહાની મદદે આવ્યા છે. તેમણે ભાજપનું નોટબંધીનું પગલું આત્મઘાતી ગણાવતા જણાવ્યુ હતું કે મોદી સરકારની ક્ષમતા ઈવેન્ટ મેનેજમેન્ટમાં જ છે.સરકાર ચલાવવાનું જ્ઞાન નથી એવા લોકો તેને ચલાવે છે.આ અટકળો્ને સપનાઓ પર ચાલતી સરકાર છે.સરકાર ચલાવનારાઓ કોઈનું સાંભળતા નથી. વિગેરે જોરદાર પ્રહારો મોદી સરકાર પર અરુણ શૌરી દ્વારા કરવામાં આવ્યા હતા.

તેમણે કહ્યુ હતું કે હાલમાં જે લોકો સરકાર ચલાવે છે તે કોઈની સલાહ લેતા નથી.કોઈનું સાંભળતા નથી. ફક્ત અઢી માણસો જ સરકાર ચલાવે છે.નરેન્દ્ર મોદી,અમિત શાહ અને ઈન હાઉસ વકીલ( જેટલી)તેઓ સરકાર ચલાવવાનું કોઈ નિષ્ણાંત જ્ઞાન ધરાવતા જ નથી તેમની આસપાસ ફરનારાઓ પણ નિષ્ણાંત નથી.તેઓ એક બંધ ચેમ્બરમાં બેસીને સરકાર ચલાવે છે.હતાશામાં સરી પડેલી રિઝર્વ બેન્કે નાના અને મધ્યમ કદના ઉદ્યોગોને પાયમાલ કરી નાંખ્યા છે. તેમની બુમરાણ કોઈ સાંભળતું જ નથી.યશવંત સિંહા,ચિદમ્બરમ કે મનમોહનસિંહ જેવા અન્ય કેટલાક અર્થશાસ્ત્રીઓએ સત્ય શું છે તેની જાહેરાત કરી પણ તે બહેરા કાને જ અથડાય છે. મોદી સરકારની મુખ્ય ક્ષમતા ઈવેન્ટ મેનેજમેન્ટમાં જ છે.અને તેની સફળતાથી તેઓ આત્મસંતોષ માણી રહ્યા છે.

દેશનો આર્થિક વિકાસ જે રીતે ગબડી રહ્યો છે અને બેકારીમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે તે માટે કેન્દ્રમાં ભાજપની મોદી સરકાર પર પુર્વ કેન્દ્રીય મંત્રી અરુણ શૌરીએ આક્રમક પ્રહારો કરતાં કહ્યુ હતું કે નોટબંધીનું પગલું આત્મધાકી અને આપઘાત કરવા સમાન હતું.નોટબંધી ભલે હિંમતભર્યું પગલું હોય પણ તે આત્મઘાતર પુરવાર થયું છે.અને નોટબંધીનો બચાવ કરતી તમામ દલીલો આજકાલ વાહિયાત અને પોકળ પુરવાર થઈ છે તેવો દાવો શૌરીએ કર્યો હતો.

તેમણે કહ્યુ હતું કે આ અટકળો અને સપનાઓની પર ચાલતી સરકાર છે.મોદીને એક દિવસ રાતોરાત સપનુ આવ્યું કે નોટબંધી કરવી જોઈએ અને કરી નાંખી. તે ભલે હિંમતભર્યું પગલું હોય પણ તે આત્મઘાતી હતું.આપઘાત કરવો તે પણ એક હિમતભર્યું પગલું જ છે.નોટબંધીનો બચાવ કરતી કઈ દલીલ આજે ટકી શકી છે.બ્લેક મની ? તો તમામ વ્હાઈટ થઈ ગયા. ત્રાસવાદ ? તો ત્રાસવાદીઓ આજે પણ ભારતમાં આતંક મચાવી રહ્યા છે.

શૌરીએ ભાજપના પ્રમુખ અમિત શાહની પણ આકરા શબ્દોમાં ટીકા કરતાં કહ્યુ હતું કે શાહ એવો દાવો કરે છે કે ઈકોનોમીમાં હાલની મંદી ટેકનીકલ કારણોસર છે. શું તેઓ પ્રતિષ્ઠિત અર્થશાસ્ત્રી છે ? તેઓ સત્તાવાર આંકડાઓને છુપાવી શકે છે. સરકાર ચુંટણીની રાજરમતમાં જ રાચી રહી છે.સરકારની આર્થિક નિષ્ફળતાઓ ઈકોનોમીક સર્વે, આરબીઆઈનો સરવે, અને એસબીઆઈનો રિપોર્ટ પરથી બહાર આવી છે. જુની ગણતરી પ્રમાણે જીડીપી ગગડીને૩.૭ ટકા થયો શું તે હકીકત નથી ? ઔધ્યોગિક ઉત્પાદનનો ઈન્ડેક્ષ ૨૦૧૫-૧૬માં ૯ ટકા હતો તે ગગડીને ૧.૭ ટકા થયો તે શું હકીકત નથી ? શું આ ચિંતાની વાત નથી ? આ તમામ બાબતો ઈકોનોમી અંગે રેડ સિગ્નલો દર્શાવે છે.

અરુણ શૌરીએ સરકારની કરેલી ટીકાઓ,સરકારની આર્થિક નિષ્ફળતાઓ સરકારી રીપોર્ટને આધારિત છે. તેમાંથી સરકાર પાછી પાની કરી શકે તેમ નથી.જો કે આંકડાની રમતોમાં માહિર સરકાર આંકડાની માયાજાળ રચીને લોકોને ભુલભરમમાં નાંખી શકે તેવી પણ વાત કહેવામાં આવી હતી.પરંતુ એક વાત ચોક્કસ છે કે ત્રણ વર્ષના એનડીએ શાસનની વખાણેલી ખીચડી દાંતે વળગી છે.સરકારે આર્થિક સુધારા માટે ઝડપી પગલાં ભરવા પડશે.


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# પ્રકાશનું પર્વ દિવાળી ( ફાધર વર્ગીસ પોલ, એસ.જે)

દિવાળી અંગે કેટલીક દંતકથાઓ છે. એમાં એક પરંપરાગત કથા મહાવીર સ્વામીના નિર્વાણ સાથે સંકળાયેલી છે.મહાવીર સ્વામી વિશેના ગુજરાતી વિશ્વકોશ ના લેખમાં મે વાંચ્યુ કે ભગવાન મહાવીરના નિર્વાણનો સંકેત મળતાં દેવો અને માનવોમાં ગમગીની છવાઈ ગઈ હતી. જે રાત્રિએ ભગવાન મહાવીરનું પરિનિર્વાણ થયું તે રાત્રે ઈન્દ્રરાજે મોહની દારુણ પળો પર વિજય મેળવીને સ્વસ્થ થઈને દીપક પેટાવવા નું કહેલું.અમાવાસ્યાની એ રાત અનેક દિપકોથી ઝળહળી ઉઠી.વિક્રમ સંવત પુર્વે ૪૭૦(ઈ.સ.પુર્વે ૫૨૭)માં લોકોએ દીપકો પ્રગટાવી પ્રભુ મહાવીરના નિર્વાણનો ઉત્સવ રચ્યો.ત્યારથી દિપાવલી પર્વ ઉજવવાની પરંપરા છે.(ગુજરાતી વિશ્વકોશ, ખંડ-૧૫,પૃ ૪૬૬)

દિપાવલીના ઉત્સવ પ્રસંગે શ્રી બુધ્ધના અનુયાયીઓ તેમજ શીખ ધર્મના અનુયાયીઓ વચ્ચે પણ વિવિધ પ્રાચીન કથાઓ પ્રચલિત છે. શીખ લોકો દિવાળી ખાસ ઉજવે છે.કારણ, એ જ દિવસે તેમના છઠ્ઠા ગુરુને - ગુરુ હરગોવિંદને - કેદખાનામાંથી મુક્ત કરવામાં આવ્યા હતા.શીખ ધર્મની પરંપરા જણાવે છે કે સમ્રાટ જહાંગીરે ૧૬૧૯માં ગુરુ હરગોવિંદ અને તેમની સાથે રાજવીઓને કેદ કર્યા હતા.

કેદખાનામાંથી મુક્ત થઈને ગુરુ હરગોવિંદજી સીધા અમૃતસર ખાતે ગોલ્ડન ટેમ્પલ(સુવર્ણ મંદિર) ગયા. એટલે દિવાળીના દિવસને શીખ લોકો ગુરુ હરગોવિંદજીના ઘર વાપસી તરીકે ઉજવે છે.એ દિવસે સુવર્ણ મંદિંરને ભવ્ય રીતે સજાવીને શોભાવવામાં આવે છે અને બધા શીખ લોકો ખુબ ઉમળકાતી દિવાળી ઉજવે છે.

બૌધ્ધ ધર્મીઓ માટે દિવાળી ભવ્ય રીતે ઉજવવા પાછળનો હેતુ ભિન્ન છે.એમને માટે દિવાળી એટલે અનિષ્ટ ઉપર ભલાઈ કે સારપનો વિજય. સમ્રાટ અશોકે યુધ્ધ અને લોહી રેડવાનો પથા છોડીને શાંતિ અને અહિંસાનો માર્ગ અપનાવ્યો હતો એટલે બૌધ્ધો માટે દિવાળીનું વિશેષ મહત્વ છે.છતાં પારંપારિક રીતે દિવાળીની ઉજવણીમાં બૌધ્ધો અને હિન્દુઓ વચ્ચે ખાસ ફેર નથી.હિન્દુઓ દિવાળીની ઉજવણીમાં વધારે ધાર્મિકતા દાખવે છે.હિન્દુ ધર્મમાં અસત પર સતનો ,કે અંધકાર પર પ્રકાશના વિજય પર્વ તરીકે દિવાળી ઉજવવામાં આવે છે.દિવાળી હિન્દુ ધર્મ સાથે નિકટપણે સંકળાયેલું પર્વ છે કે દેશવિદેશમાં હિન્દુ ધર્મને અનુસરતા બધા લોકો દિવાળી આનંદપ્રમોદથી ઉજવે છે.

પણ આજે દિવાળીની ઉજવણી એક સામાજિક તહેવાર બન્યો છે.બધા ધર્મોના અનુયાયીઓ તેમ જ કોઈપણ ધર્મમાં માનતા ન હોય એવા લોકૌ પણ પોતાના હિન્દુ પાડોસીઓ સાથે મળીને દિવાળી ઉજવે છે. એ જ રીતે દિવાળી આપણી ભારતીય સંસ્કૃતિનો ભાગ બની ગયો છે.એટલે દુનિયાભરમાં જ્યાં જ્યાં ભારતીય નાગરિકો છે ત્યાં બધા દિવાળી ઉજવે છે.

દિવાળીમાં આપણી ઉજવણીમાં આપણે ઘણુખરુ નવા કપડાં ખરીદવા,દીવો સળગાવવો અને મિજબાની કરવી જેવી બાહ્ય બાબતોને ખુબ મહત્વ આપીએ છીએ. દિવાળીના આ બાહ્ય આચાર વિચાર સાથે આપણે આંતરિક રીતે કે આધ્યાત્મિક રીતે પણ દિવાળી ઉજવવાનો વિચાર કરી શકીએ. અહીં મારી વાત સમજાવવા માટે આપણે ઈન્ડીયામાં જન્મેલા અંગ્રેજી કવિ અને લેખક રુડિયાર્ડ કીપ્લિંગની વાત લઈએ. રુડિયાર્ડ અને એમની પત્ની શહેર બહાર એક ટેકરીના ઢોળાવ પર એક ખેડુતનું ઘર ખરીદીને ત્યાં રહેવા ગયા.ઘરની સામેની ટેકરીના ઢોળાવ પર એક વૃધ્ધ સ્ત્રી રહેતી હતી. એક દિવસ રુડીયાર્ડ અને તેમની પત્ની પેલી વૃધ્ધ સ્ત્રીની મુલાકાતે ગયા. તેઓ ઢોળાવથી નીચે ઉતરીને ખીણની સામે ટેકરીના ઢાળ પર આવેલા વૃધ્ધ સ્ત્રીના ઘરે પહોચ્યા.નવા આવેલાં આગંતુકોને પેલી સ્ત્રીએ સ્મિત સાથે ઉમળકાથી આવકાર્યા.પછી પેલી સ્ત્રીએ રુડિયાર્ડ અને પત્નીને પુછ્યું : રાતે આ ખીણમાં સામેના મકાનની બારીમાંથી જે પ્રકાશ ફેલાય છે તે જ મકાન તમારુ ઘર છે ને ?પછી પેલી વૃધ્ધાએ વધુમાં કહ્યું , આપની બારી પરથી આવતો પ્રકાશ મારી એકલતા દુર કરે છે.મારી સાથે કોઈ હોવાની મને અનુભુતિ થાય છે.એટલે મારે મન એ પ્રકાશનું અનોખું મહત્વ છે.વૃધ્ધાને મળ્યા પછી પોતાના ઘરની બારીમાંથી પ્રકાશ બરાબર ખીણમાં પડે એ રીતે પડદા ખેચી રાખવાની વાત કિપ્લીંગ કહી છે.

કિપ્લીંગની વાતમાં આપણે જોઈ શકીએ છીએ કે કિપ્લીંગ યુગલના અંતરમાં જે પ્રકાશ છે, જે પ્રેમ છે, જે શાંતિ છે તે બારી પરના દીવાના પ્રકાશની જેમ ચોમેર ફેલાય છે. ખીણમાં ફેલાયેલો પ્રકાશ જોઈને પેલી વૃધ્ધ સ્ત્રીનું હૃદય ઝળહળી ઉઠે છે.. અનુભવે આપણે જાણીએ છીએ કે આપણામાં જે પ્રકાશ છે, કે જે અંધકાર છે, તે આપણી જાણ બહાર પણ સામેના માણસ પર અસર કરે છે. આપણામાંનો પ્રકાશ દિવાદાંડીની જેમ બીજાને માટે રસ્તો ચીંધે છે. એજ રીતે આપણામાંનો અંધકાર બીજાને ગેરરસ્તે દોરી શકે છે.અદેખાઈ, ધિક્કાર,વેરભાવ,જુઠ્ઠાણું,ફિકર ચિંતા જેવા પરિબળો તમારા જીવનમાં અંધકાર ફેલાવશે.એથી ઉલટું,તમારા દિલના પ્રેમ,શાંતિ,આનંદ,માફી જેવી બાબતો તમારા ને આસપાસના લોકોના જીવનમાં પ્રકાશ ફેલાવી શકે છે. તો આપણે આંતરિક રીતે આપણે માટે તથા બીજાને માટે પણ દિવાળીની ઉજવણીને પ્રકાશમય કરવા મથીએ.

બધા અનિષ્ટો વચ્ચે એકબીજાને આપેલી માફીને રસ્તે દુનિયાભરના બધા માણસોને પ્રમાર્દ્ર કરી દો.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨



## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ

**એ.એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



## ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.